જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૭/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૫૬૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૨ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૪,૪૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૫**

ચાંદખેડાઃ સતીષભાઇ રેવનદાસ સિરોહી (ઉ.વ.૫૪)(રહે.રાવતપાર્ક સોસાયટી, રાધા સ્વામી સત્સંગ સામે રાણીપ) એ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા આઇ.ઓ.સી.રોડ સ્નેહ પ્લાઝાની બાજુમાં કરિશ્મા એવન્યુ “ઓમ સાંઇ ફાસ્ટ ફુડ” નામની પોતાની દુકાન ખાતે આરોપી વિશાલભાઇ પ્રભુનાથ શુકલા (રહે.પહેલો માળ, પારસ રેસીડેન્સી નવા શાહીબાગ નાના ચિલોડા) નાઓને સતીષભાઇ સિરોહીએ ચાચરચોક પાર્ટી પ્લોટમા પાણીના સ્ટોલ લગાવવા માટે ભાડા ડિપોઝીટ પેટે ૮,૦૦,૦૦૦/– આપેલ હતા જે પાણીનો સ્ટોલ ભાડે નહી આપી તેમજ રૂપિયા પરત નહી આપી સતીષભાઇ સિરોહી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૫**

શાહીબાગઃ કાનન સ/ઓ પિંટુભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૧)(રહે.ઘાંચીવાળો માઢ, હરીપુરા, અસારવા, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૧૪/૦૭/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૧,૪૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૯૬૫/૨૦૨૫**

રામોલઃ રેખાબહેન વા/ઓ પવનકુમાર સ્વામી (ઉ.વ.૩૫)(રહે.વિષ્ણુનગર વિભાગ–૦૨ સુરેલીયા રોડ રામોલ) એ તા.૧૪/૦૭/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૫ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની તીજોરીનું તાળું રિપેર કરવા સારૂં સરદારજીના પહેરવેશ જેવા કપડા પહેરીને આવેલ બે પુરૂષએ રેખાબહેન સ્વામીની નજર ચુકવી તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/– મતાની ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હીરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

નવમા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૯૬૬/૨૦૨૫**

રામોલઃ તીથી પંકજભાઇ ગોહીલ (ઉ.વ.૧૮)(રહે.ક્રીશ લક્ઝુરીયા, કેનેરા બેંક પાસે સરોવર ચાર રસ્તા વસ્ત્રાલ) તા.૧૪/૦૭/૨૦૨૫ સાંજના ૪/૧૫ વાગ્યાના સુમારે નવમા માળે આવેલ પોતાના રહેણાંક ફ્લેટની ગેલેરીમા કપડાથી કાચ સાફ કરતી હતી ત્યારે કાચ સાફ કરતા–કરતા નવમા માળે ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૯૬૭/૨૦૨૫**

વટવા જીઆઇડીસીઃ સુધીર રામદેવ પાલ (ઉ.વ.૨૨)(રહે. બાબરભાઇની ચાલી, હનુમાનનગર જીઆઇડીસી વટવા) તા.૦૫/૦૭/૨૦૨૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસ ચાલુ કરતી વખતે ગેસના બોટલમાં અચાનક આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૦૭/૨૦૨૫ સવારના ૯/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૬૮/૨૦૨૫**

સાબરમતીઃ સાબરમતી આઈ.ઓ.સી.રોડ શુભ સોનલ સોસાયટી ખાતે રહેતા કુબેરપ્રસાદ પાલના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૧૩/૦૭/૨૦૨૫ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

બોડકદેવઃ ક્રીશ હિતેશભાઇ પટેલ (ઉ.વ.૧૯)(રહે. શાંતીકુંજ બ્લીસ, સત્યમેવ એમીનંસની બાજુમા, સાયન્સ સીટી રોડ, સોલા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાધીકાબહેન નારણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી